ગાંધીનગર સમાચાર



# કલેકટર કચેરી પાસે અદ્યતન પાર્કીંગ તૈયાર થશે

## હવે કોર્ટ અને કલેકટર કચેરી પાસે ટ્રાફીક જામ નહી થાય



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં ટ્રાફીક જામના દ્રશ્યો સામાન્ય થઈ ગયા છે. શહેરમાં ઠેકઠેકાણે પાર્કીંગની સમસ્યાનો સામનો નાગરીકોને કરવો પડે છે. ત્યારે કલેકટર કચેરી તેમજ કોર્ટ પાસે લારી-ગલ્લાના દબાણો દુર કરી તંત્ર દ્વારા અદ્યતન પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. હવેથી આડેધડ પાર્ક કરેલા વાહનો આ માર્ગ પર જોવા નહી મળે, જેથી અન્ય વાહન ચાલકોને પણ અગવડતાનો સામનો કરવો નહી પડે.

ગાંધીનગર શહેરની મધ્યમાં કલેકટર કચેરી તેમજ કોર્ટ સહિત વિવિધ કચેરીઓ આવેલી છે. આ બંન્ને સ્થળો પર રોજ હજ્જારોની સંખ્યામાં નાગરીકોની આવન-જાવન થતી હોય છે.જેથી કોર્ટ અને કલેકટર કચેરી પાસે નાગરીકો દ્વારા ગમે ત્યાં વાહનો મુકવામાં આવતા મોટી સમસ્યા ટ્રાફિકજામની હતી. આ માર્ગ પરથી પસાર થવાનું પણ મુશ્કેલ હતું. નાગરીકો અહીંથી પસાર થવાનું પણ ટાળતા હતા. આ બંન્ને કચેરી વચ્ચે આવેલ જગ્યામાં વર્ષોથી લારી-ગલ્લા ધારકો મોટીમાત્રામાં વેપાર-ધંધો કરતા હતા. ચા-નાસ્તા સહિતની ચીજવસ્તુઓ આ સ્થળ પર વેચાતી હોવાથી નાગરીકોનો જાણે મેળો જામતો હતો. વર્ષોથી કચેરીના અધિકારીઓ માટે પણ ટ્રાફીકનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની જવા પામ્યો હતો. ત્યારે તાજેતરમાં તંત્રએ તાત્કાલીક આ વિસ્તારમાંથી લારી-ગલ્લાના દબાણો દુર કરી સુંદર પાર્કીંગ માટેની તૈયારીઓ શરુ કરી છે. અંદાજે ૨૨૫ ફુટની લંબાઈ અને ૧૨૫ ફુટ પહોળાઈમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે અલગ અલગ પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરાશે. સમગ્ર પાર્કીંગ એરીયામાં પેવર બ્લોક, સીસી રોડ, લાઈટ, તાર ફેન્સીંગ કરીને ઈન-આઉટ ગેટ પર સિકયુરીટી ગાર્ડ મુકવામાં આવે તેવી સંભાવના છે. પાર્કીંગ નિર્માણનું કામ શરુ થઈ ગયું છે. આ સમગ્ર વિસ્તારમાં વિવિધ કચેરીઓ આવેલી હોવાથી સતત ધમધમતો રહે છે. જેને અનુલક્ષી ટ્રાફિક સમસ્યા સર્જાય છે.

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન મકાઈ-ધાણીના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન કાચના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શુક્રવારના રોજ નાડાછડીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે જીગીશભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન જી-૫૦૨, સનશાઈન હાઈટસ-૨, કુડાસણ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બંકીમભાઈ મહેતાના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૬૮/૨, પંચવટી પાર્ક ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા મહેશભાઈ પુરોહિતના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૬૬/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ વિવિધ ચોકલેટોના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજ્ય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● કે.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મા એજયુકેશન એન્ડ રીસર્ચ દ્વારા સવારના ૯.૩૦ કલાકે ઓપોકેલિપ્સ-૨૦૧૬ કાર્યક્રમનો સે-૨૩ નાથીબા હોલ ખાતે ઉદઘાટન સમારોહ યોજાશે.

# ઈન્ફોસીટી પોલીસની કસ્ટડીમાંથી ભાગી ગયેલો આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૪

ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાંથી પોલીસને થાપ આપીને ગઈ કાલે સવારે ચેઈન સ્નેચીંગના ગુનાનો ૧૯ વર્ષનો આરોપી ફરાર થઈ ગયો હતો. આ મામલે સે-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે અને બે પોલીસ કર્મી સસ્પેન્ડ થયા છે.

દહેગામ પોલીસે તાજેતરમાં ચેઈન સ્નેચીંગના ગુનામાં બે આરોપીઓને પકડી સેન્ટ્રલ જેલ મોકલ્યા હતા. આ બંનેની પુછપરછમાં ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનનો એક ગુનો ડીટેકટ થતા આરોપીને પોલીસ ટ્રાન્સફર વોરંટથી



ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન લાવી હતી.ગઈ કાલે સવારે બાથરૂમ જવાનું કહીને બહાર નીકળેલો ૧૯ વર્ષીય આરોપી અજય ઉર્ફે અજયો રમેશ ઠાકોર પોલીસને થાપ આપી ફરાર થઈ ગયો હતો. ગાંધીનગર પોલીસ તેને શોધતી રહી ગઈ હતી. એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી, એસઓજીની ટીમ આરોપી પકડવા દોડતી થઈ હતી. દરમિયાન આજે દેત્રોજ પોલીસની મદદથી એલસીબી એસઓજીની ટીમે દેત્રોજ પાસે એક ખેતરમાંથી અજય ઠાકોરને પકડી પાડી રાહતનો દમ લીધો છે. અજયની ધરપકડ કરીને સે-૭ પોલીસને સોંપવામાં આવ્યો છે.



પાટનગરમાં સરકારી આવાસોની હાલત દિન પ્રતિદિન દયનીય થતી જાય છે. સે-૨૮માં 'ચ' ટાઈપના સરકારી આવાસો એટલા ખંડેર હાલતમાં આવી ગયા છે કે કેટલાકના તો બારી બારણાં સુધ્ધાં ગાયબ થઈ જવા પામ્યા છે અને અત્યંદ ગંદકીના થર જામ્યા છે.

# સે-૨૪ની પરિણીતાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા પતિ-પત્નિ વચ્ચે ઝઘડો થયો હતો

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૨૪ ખાતે સ્થિત આદર્શનગર સોસાયટીમાં રહેતા પતિ-પત્નિ વચ્ચે કંકાસ થયો હતો. આજે સવારે ૨૭ વર્ષીય પરિણીતા એ પોતાના રૂમમાં જઈ દરવાજો અંદરથી બંધ કરી દઈને પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે પોલીસને જાણ થતા સે-૨૧ પોલીસે ગુનો નોંધી લગ્નગાળો ત્રણ વર્ષનો હોવાથી ઘટનાની ઊંડી તપાસ ડીવાયએસપીએ આરંભી છે.

સેકટર-૨૪ આદર્શનગર વિસ્તારમાં મકાન નંબર ૭૩૫ ખાતે રહેતા નવદીપભાઈ બારોટ અને તેની પત્નિ શ્રેયા બારોટના લગ્ન ત્રણેક વર્ષ પહેલા થયા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવાની કોઈ બાબતમાં બંને વચ્ચે ઝગડો થતા પરિણીતા શ્રેયા બારોટને લાગી આવ્યું હતું. આજે સવારે પતિ અને દિયર બીજા રૂમમાં હતા ત્યારે શ્રેયા બેડરૂમમાં ગઈ અને અંદરથી દરવાજો બંધ કરી દઈ પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. દરવાજો ખટખટાવવા છતાં અંદરથી શ્રેયાનો કોઈ જવાબ ન મળતા બુમાબુમ કરી મુકી હતી. પડોશીઓ પણ ભેગા થઈ ગયા હતા દરવાજો જોરથી ધક્કો મારીને તોડી નાંખી અંદર પ્રવેશતા શ્રેયા પંખે લટકેલી હાલતમાં હતી. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ માટે મોકલ્યો છે. આ ઘટનાની ઊંડી તપાસ ડીવાયએસપી વિજય પટેલ ચલાવી રહ્યા છે.

## વાતવાતમાં

● ઓગષ્ટ માસમાં ધાર્મિક પર્વો સાથે રાષ્ટ્રીય પર્વ પણ ઉજવવામાં આવનાર છે. શહેરની શાળાઓમાં આગામી ૧૫મી ઓગષ્ટે 'સ્વતંત્રતા દિવસ'ની ઉજવણી માટે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમોની તડામાર તૈયારી અને રિહર્સલ ચાલી રહ્યા છે.

● સે-૩માં રીંગરોડ પર કેટલાક વીજપોલ બંધ હાલતમાં હતા જેને વરસાદી વાતાવરણને કારણે રીપેર કરી નહોતા શકાયા. ગુરુવારે વરસાદે વિરામ લેતા ટોરન્ટ પાવરના કર્મચારીઓ દ્વારા વીજ પોલની મરામતનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

● સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ચિલોડાની ઓમ લેન્ડમાર્ક શાળાના બાળકોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન બાળકોને પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતી વિવિધ ચીજવસ્તુઓ તેમજ ટ્રાફિકના નિયમો, મહિલા હેલ્પલાઈન અને વ્યસન મુકિત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

● ગાંધીનગર તાલુકાના વાંકાનેરડા ગામના એક યુવાને સગીરાને લગ્નની લાલચ આપી તેનું અપહરણ કર્યું હતું. પોલીસે આરોપીને રણાસણ સર્કલ પાસેથી બાતમીના આધારે ઝડપી અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

● શહેરમાં તહેવારોની રજાનો લાભ ઉઠાવવા વિવિધ રાઈડસ સાથે બાલનગરીનું આગમન થયું હતું જો કે વરસાદી મૌસમમાં બાલનગરીને જોઈએ તેટલા પ્રમાણમાં મુલાકાતીઓ પ્રાપ્ત થતા ના હોવાથી સંચાલકોએ તેને આટોપી લેવાનો નિર્ણય કર્યો હતો.

# કવોરીના સુપરવાઈઝર પર હુમલો કરનાર બે શખ્સોની ધરપકડ

## ચોરીની શંકાએ સુપરવાઈઝરને ઢોર માર મારીને માલીકોએ તેની પાછળ કુતરા દોડાવ્યા હતા : નભોઈ નજીક ઘટના બની હતી

ગાંધીનગર, તા.૪

બે દિવસ અગાઉ નભોઈ પાસે આવેલી કવોરીના સુપરવાઈઝરને કવોરીના માલિકોએ ઢોર માર માર્યો હોવાની ઘટના બનવા પામી હતી. ચોરીની શંકાને આધારે માલિકે પાલજ ગામના સુપરવાઈઝરને માર મારીને તેની પાછળ કુતરા દોડાવ્યા હતા. ઘાયલ સુપરવાઈઝરને ગાંધીનગર સવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. તેની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે આઈપીસી ૩૬૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ અને જીપીએકટ ૧૩૫ હેઠળ ગુના નોંધી અત્યાર સુધીમાં બે આરોપીઓ નારણપુરાના રોનક જીવા પટેલ અને ગોતાના સોનુ બ્રિજકિશોર સિંહની ધરપકડ કરી પીએસઆઈ એમ.આર. પટેલે ફરાર આરોપીઓની શોધખોળ આરંભી છે.

# પત્રકારત્વ એ આજીવન શીખતા રહેવાનો વિષય

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના વિદ્યાર્થીઓની માહિતી ખાતુ તથા કેપિટલ ઓફસેટની શૈક્ષણિક મુલાકાત

ગાંધીનગર, તા.૪

'પત્રકારત્વ એ આજીવન શીખતા રહેવાનો વિષય છે. સતત નાવિન્યને પામતા રહેવાની કડી છે.' ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓએ તાજેતરમાં માહિતિ ખાતાની તથા કેપિટલ ઓફસેટની મુલાકાત લીધી હતી. જેમાં તેમને આ શીખ પ્રાપ્ત થઈ હતી. વિદ્યાર્થીઓએ તેમની મુલાકાત દરમિયાન પત્રકારત્વના વિવિધ આયામો તથા પ્રિન્ટીંગ મિડીયામાં પ્રિન્ટીંગ પ્રેસની ટેકનોલોજી અને તેની પ્રક્રિયા



અંગે તલસ્પર્શી માહિતી પ્રાપ્ત કરી હતી.

ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતે માહિતી ખાતાની મુલાકાતમાં વિદ્યાર્થીઓએ ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી સાથે વાર્તાલાપ કર્યો હતો. આ વાર્તાલાપમાં વિદ્યાર્થીને પત્રકારત્વના અલગ અલગ પાસાઓ જેવા કે માહિતિનું એકત્રિકરણ, પૃથ્થકરણ, જનોપયોગી તારણ સાથે માનવીય સંવેદનાસભર પત્રકારત્વ અંગે તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ સાથે વિદ્યાર્થીઓએ માહિતી ખાતાના કાર્ય અંગે પણ ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યુ હતું.

પત્રકારત્વના વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક મુલાકાતમાં તેમણે સે-૨૮ જીઆઈડીસી સ્થિત ગાંધીનગરના સૌથી જુના પ્રિન્ટીંગ પ્રેસ કેપિટલ ઓફસેટની મુલાકાત લઈ પ્રિન્ટીંગ ટેકનોલોજી અંગે જાણકારી મેળવી હતી. વિદ્યાર્થીઓએ મશીનોનું નિરીક્ષણ કરી, પ્લેટ મેકિંગ, બટર પેસ્ટિંગ, ડિઝીટલ મશીન, વેબ મશીન, ઓફસેટ પ્રિન્ટીંગ ઉપરાંત બાઈન્ડીંગ પ્રક્રિયા અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી. આ મુલાકાત દરમિયાન કેપિટલ ઓફસેટના માલિક રમેશભાઈ પટેલે વિદ્યાર્થીઓની સાથે રહી તમામ બાબતો સમજવા ઉપરાંત તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપી તેમની જીજ્ઞાસા સંતોષી હતી.

# વૃક્ષો વાવવા સાથે તેનું જતન કરવું પણ એટલું જ અગત્યનું

## સે-૨-એમાં નર્મ હરિ ફાઉન્ડેશન દ્વારા ૨૦૬ વૃક્ષોનું વાવેતર : સે-૨૫માં શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળકોએ વૃક્ષો વાવ્યા

ગાંધીનગર, તા.૪

વિશ્વભરમાં ટેકનોલોજીનો વિકાસ થવાની સાથે સાથે



ઉપભોકતાવાદનો પણ વિકાસ થવા પામ્યો છે. જેના કારણે માનવી યંત્રોના સહારે જીવન જીવતો થયો છે. યંત્રોના વધુ પડતા ઉપયોગના કારણે માનવી પ્રકૃતિથી વિમુખ થતો જાય છે અને ઠેર ઠેર મોટી મોટી ફેકટરીઓ, તોતીંગ મશીનો અને કોંક્રિટના જંગલો ખડકાતા જાય છે. જયારે કુદરતી જંગલો સતત ઘટતા જાય છે. હરિયાળી ઘટી જવાથી પર્યાવરણમાં પ્રતિકૂળ અસરો સર્જાઈ રહી છે અને તેના ફળ સ્વરૂપ કુદરતી આપત્તિઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગાંધીનગર સમાચાર દ્વારા સમગ્ર ઓગષ્ટ માસ દરમિયાન હાથ ધરાયેલ 'આવો શહેરને હરિયાળુ બનાવીએ' અંતર્ગત શહેરમાં વૃક્ષારોપણ થકી વૃક્ષોની સંખ્યા વધે તે માટે મથામણ કરી રહેલા નગરજનોના પ્રયાસને બિરદાવવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન હેઠળ વૃક્ષારોપણ પ્રવૃત્તિને વિશેષ સ્થાન આપવામાં આવી રહ્યું છે.

**● શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સે-૨૫**

સે-૨૫ની જીઆઈડીસીમાં કેમ્બે રિસોર્ટની પાછળ આવેલ હરિસિધ્ધ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં

### આવો શહેરને હરિયાળુ બનાવીએ

આવ્યો હતો. શાળાના બાળકોને વૃક્ષોનું મહત્વ સમજાય અને પર્યાવરણ પ્રત્યે લગાવ વધે તે હેતુથી આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના હસ્તે રોપાઓનું વાવેતર કરાવવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ સાથે બાળકોને વાવેલા છોડવાનું જતન કરી ઉછેર થાય તે માટે પ્રેરીત કરાયા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી બાબુભાઈ, મેનેજીંગ ડાયરેકટર ડી.બી. પટેલ, કેમ્પસ ડાયરેકટર સી.બી.પટેલ, એજયુકેશન ડાયરેકટર કે.એસ. પટેલ ઉપરાંત શાળાના આચાર્ય, શિક્ષક ગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**● નર્મહરિ ફાઉન્ડેશન, સે-૨-એ**

સેકટર-૨-એ ખાતેના બગીચામાં તથા સેકટરના મુખ્ય માર્ગ પર ગાંધીનગરના સ્થાપના દિને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, સ્થાનિક કોર્પોરેટર નરેશભાઈ, નર્મ હરિ ફાઉન્ડેશનના શ્રેય જોગાણી અને ભૂમિ જોગાણી સહિત આસપાસના રહીશો જોડાયા હતા. આ કાર્યક્રમ હેઠળ કુલ ૨૦૬ રોપાઓનું વાવેતર કરવમાં આવ્યું હતું. જેમાં બોરસલ્લી, સપ્તપર્ણી, જાસૂદ, કેસૂડો, અર્જૂન જેવા વૃક્ષોનો સમાવેશ થતો હતો. ગત વર્ષે તોફાની વરસાદમાં સેકટર-૨-એના મુખ્ય માર્ગ પર મોટા તોતિંગ વૃક્ષો પડી જવા પામ્યા હતા. આ પડી ગયેલા વૃક્ષોના સ્થાને ફરી વૃક્ષારોપણ



કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૬-૯૭ દરમિયાન અહીં બગીચાની હાલત અત્યંત દયનીય હતી અને ગંદકીનું ઘર બની જવા પામ્યો હતો. તે સમયે સ્થાનિક નાગરિકોએ સાથે મળીને તેની સાફ સફાઈ કરી સુંદર બગીચાને વિકસાવ્યો હતો. વર્ષ ૨૦૧૪માં પણ જયારે બગીચાનું ફરી રિનોવેશન કરવાનું થયું ત્યારે ભૂમિ જોગાણી એ અન્ય સેવાભાવી નગરજનોની મદદથી તેનું રિનોવેશન કરાવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન આ બગીચાના જે તે સમયના માળી બાબુભાઈ, શારદાબેન તથા જશોદાબેનનું ગુડાના ચેરમેન આશિષભાઈ દવેના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. નર્મ હરિ ફાઉન્ડેશન દ્વારા આ કાર્યક્રમ થકી વૃક્ષારોપણનો મહિમા અને વૃક્ષોના જતનની અગત્યતાનો સંદેશ નગરજનોને પાઠવવામાં આવ્યો હતો.

# ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓએ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૪

ચાલુ સપ્તાહ દરમિયાન ઓમ લેન્ડમાર્ક સ્કૂલ (ગુજરાતી માધ્યમ)ના વિદ્યાર્થીઓએ મગોડી સ્થિત 'વૃધ્ધાશ્રમ'ની મુલાકાત લઈ ત્યાં નિવાસ કરતા વડીલો સાથે સમય વિતાવ્યો હતો. બાળકો દ્વારા જાતે ફાળો એકત્રિત કરી વૃધ્ધોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. સામે વડીલોએ પણ બાળકોને બોધપ્રત વાર્તાઓ, જોડકણા કહી જીવન ઉપયોગી ભાથુ પીરસ્યું હતું. આ સ્થાનિક મુલાકાતમાં વૃધ્ધાશ્રમના વડીલો અને શાળાના બાળકોએ હળવાશની પળોનો અનુભવ કર્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. ગોપાલજી મગનજી ચાવડા, ઉ.વ.૫૬
- સ્વ. અમૃતબેન લાલાજી ઠાકોર, ઉ.વ.૫૫
- સ્વ. કુંવરબેન ફતાજી ઠાકોર, ઉ.વ.૯૦
- સ્વ. પશીબેન વિરદાસ પટેલ, ઉ.વ.૮૦
- સ્વ. નટવરલાલ મણીલાલ દરજી, ઉ.વ.૮૫